# સ્વસ્તિ... સ્વાગતમ્...

આ વિભૂતિકક્ષ છે.

ભગવદ્ગીતાનો દસમો અધ્યાય સમજ્યા પછી જગતને જાણવાની રસમ બદલાઈ ગઈ. જ્યાં જ્યાં વિભૂતિ તત્ત્વ હોય ત્યાં ત્યાં શ્રીકૃષ્ણ હોય જ એવી શ્રદ્ધા પણ પાકી થતી ગઈ.

અને એટલે આ નાનું પુસ્તક...!

આ પુસ્તકમાં જેને શબ્દચિત્ર કહી શકાય એવાં 'ટિપિકલ' શબ્દચિત્રો નથી, પણ એ મહાનુભાવોના જીવનમાં કે એ સર્જકના સર્જનમાં કશુંક પ્રાણવાન જણાયું એ લખવાનું મન થયું એટલે આ લખ્યું છે. એક રીતે જોઈએ તો જીવન એક શોધયાત્રા છે, આ શોધયાત્રામાં જે ટમટમતા દીવા મળ્યા, જે શબ્દોમાં પણ જીવનનો કંઈક 'સ્પાર્ક' દેખાયો, એ બધું અહીં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે.

નાનો હતો ત્યારથી નરસિંહ મહેતા અને ગાંધીજી પ્રત્યે વિશિષ્ટ આકર્ષણ રહ્યું હતું. જેમ જેમ ગાંધીજીને વાંચતો ગયો તેમ તેમ સમજાતું ગયું કે સંકલ્પની શક્તિ શું છે અને વહેતી ભાષામાં કેવી રીતે આ સંકલ્પબળ વાચકને પણ પ્રેરણા આપી શકે. બીજી બાજુ નરસિંહનાં પદ ગાતાં ગાતાં ઉપનિષદ ભણ્યો ત્યારે મનના ઊંડાણમાં એક 'કનેક્શન' ઊભું થયું. એક તરફ ઉપનિષદની ગહન વાણી બીજી તરફ ગાંધીનું ગદ્ય આ બંનેએ મારા મનમાં એક નવું રસાયણ પેદા કર્યું.

'અસ્મિતા પર્વ'માં પૂજ્ય મોરારિબાપુ, સંસ્કૃતિ ચિંતનમાં પૂજ્ય ભાઈશ્રી ઉપરાંત અનેક વડીલોએ મને પ્રેરણા પૂરી પાડી.

ધીરે ધીરે મારામાં રહેલા સાહિત્યના વિદ્યાર્થીએ પણ રસાસ્વાદની એક શૈલી કેળવી. કવિતા કે વાર્તા કે નવલકથા પાસે જઈને હું ઘણું ઘણું શીખ્યો એનું અર્થઘટન કર્યું અને એમ કરીને સાહિત્યના રસને જીવનના રસમાં ઉમેર્યો. જીવનયાત્રા એ એક વિભૂતિશોધની યાત્રા બની રહી. જીવનમાં સકારાત્મક ઊર્જાની આરાધના વધુ સઘન બની. મિત્રો, વડીલો અને સાક્ષરો સાથે સતત ગોષ્ઠિઓ ચાલી, શબ્દસભાએ જીવનસમજણને પુષ્ટ કરી એ પણ આ વિભૂતિકક્ષના મૂળમાં છે જ...

જીવનની યાત્રાના ઘણા મનોહર માર્ગ અને વિચારપુષ્ટ પરિબળો ઉમેરાતાં ગયાં. આ પ્રક્રિયામાં મનની કેળવણી થઈ. એક વિચારનો અને પછીથી એટલે કે પશ્ચિમના અધ્યાપકો અને લેખકોને વાંચ્યા પછી અને મળ્યા પછી 'ક્રિટિકલ થિન્કિંગ' વિશે થોડી સાવધાની વધી. હવે આ આખી યાત્રા એટલી બધી રસપ્રદ બની ગઈ છે, કોઈ 'સ્પાર્ક'વાળો માણસ મળે તો આશ્ચર્યજનક રીતે મારું મન એક પૃથક્કરણ અને બીજી ભાવકની ગલીમાં વળી જતું. જેને મળું, જ્યારે મળું ત્યારે એક નાનકડું 'ચિંતન પ્રયાગ' પણ રચાતું. મનુષ્યતાને ઓળખવાની તાલાવેલી અને શબ્દસૌંદર્ય કે ભાવવૈભવ મને ભીંજવવા લાગ્યાં. આ પ્રયાસમાં સ્નેહીઓનું પ્રોત્સાહન ભળ્યું... સ્વજન એવા શ્રી અજય ઉમટ, શ્રી કુન્દન વ્યાસ અને શ્રી દેવેન્દ્ર ભટનાગરે વિશેષ સ્નેહ દર્શાવ્યો. એવા જ મિત્રો શ્રી લલિત ખંભાયતા, શ્રી આશિષ ભીંડે અને શ્રી મયંક વ્યાસની સતત હૂંફ મળતી રહી.

આ બધા વડીલો અને મિત્રોનું આજે પ્રણામપૂર્વક સ્મરણ કરું છું

મારા વિભૂતિકક્ષમાં આપનું સ્વાગત છે, અને એક પ્રકારનું નિમંત્રણ છે કે આવા સંવાદમાં આપણે ક્યાંક વિશ્વઊર્જાની શોધ કરીએ, એની આરાધના કરીએ અને જીવનને જુદી જુદી રીતે શણગારીએ...

**– ભાગ્યેશ જહા**

ગાંધીનગર

# અનુક્રમણિકા


1. નરસિંહના શબ્દનો સાક્ષાત્કાર... ....................1
2. તત્ત્વનો 'સોની' અખો....................3
3. કોકિલાની જેમ કૂજન કરતા કવિ કાન્ત... ....................6
4. ગાંધી અને નવજીવન... ....................9
5. ગાંધીજીને કેવી રીતે ઊજવીશું? ....................12
6. મહાત્મા ગાંધી; એક શાશ્વત્ વિચાર ....................15
7. ગાંધીજી; અજવાળાના અગ્રદૂત... ....................18
8. ગાંધીનું સત્ય... ....................21
9. ગાંધીના સ્મરણમાં... વિચારવંદન... ....................24
10. ગાંધીકથા; મોરારિબાપુનો એક વિચારયજ્ઞ... ....................27
11. સરદારસાહેબને સો સો સલામ... ....................30
12. પઢાવો પ્રેમના મંત્રો ઘેલી માનવજાતને...!....................33
13. ક્યાં છે વિશ્વશાંતિના કવિ?....................36
14. અલવિદા... કેશુબાપા ....................39
15. સુરેશ જોષી; સમુદ્રકાંઠે લટાર મારીએ....................42
16. કદાચ કાલે હું ના હોઉં તો... ....................45
17. જ્યોતીન્દ્ર દવે; એક છત્રીકથા... ....................48
18. અહો ધન્યતા! આ પારસ ઘડી છે... ....................51
19. પ્રમુખસ્વામીના સ્મરણમાં.... શતાબ્દીએ ભાવવંદના... ....................54
20. સહજ પ્રગટ્યો, પ્રેમ અને આનંદ... જાણે પ્રેમનો સહજાનંદ... ....................57
21. એક વીતરાગ સારસ્વતની વિદાય... ....................60
22. અબ્દુલરઝાક ગુરનાહ....................62
23. પ્રતાપભાઈનું પ્રતાપી પ્રમોશન... ....................64
24. કેવી રીતે કહું કે બહુ છાનું દર્દ છે... ....................69
25. દેવશંકર મહેતા... ....................72

26. ટપુડા... જો એ રહ્યા તારકભાઈ...! ........................................74
27. થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં........................................77
28. જુગલબંધીનો અણસાર... સ્વર્ગમાં તારકભાઈ અને ચિનુભાઈ ........80
29. ગોવિંદ દામોદર માધવેતિ... ..................................................83
30. સદીની સમજણછાબ; એક સારસ્વતની સાધનાનો સાર ...............85
31. પિંડને પરમ પદારથ જડ્યો...................................................88
32. અલવિદા, નયન દેસાઈ.........................................................91
33. એક રણ હતું, તે રણમાં સરોવર ન થઈ શક્યું... .........................94
34. બહુપરિમાણીય પ્રજ્ઞાના યાત્રીઃ લાભશંકર પુરોહિત .......................97
35. આ કવિ વગરનું ગામ ..........................................................100
36. અનિલભાઈ પટેલ; એક સમાજ-શિક્ષણસેવક... ..........................103
37. જગદીશ ઠક્કર; એક અનોખું વ્યક્તિત્વ...................................106
38. શબ્દનો સૂર્ય; દિનકર જોશી...................................................108
39. સ્વામી સચ્ચિદાનંદઃ એક વિરલ સંત... ....................................111
40. લોકાભિમુખ વહીવટ અને પ્રશાસનમાં પ્રવીણ... ........................114
41. મોરારિબાપુઃ ઋષિવિજ્ઞાન અને મહુવા-મથામણ .........................117
42. હર્ષદભાઈ શાહ : એક હર્ષદક્ષણની માતૃભાષા...........................120
43. એક કથા - નદીની અને સર્જકની... .....................................122
44. અંદર તો એવું અજવાળું, અજવાળું... માધવ રામાનુજ ................125
45. અમે તો કોમળ કોમળ.........................................................128
46. એક હતો વીનેશ... ...........................................................131
47. પન્ના નાયક; દરિયાપારથી આવતો ગુજરાતી ટહુકો.......................134
48. આદરણીય અમિતભાઈની ભાષાપ્રીતિ ......................................138
49. એક સંવેદનશીલ શિક્ષકની આંતરકથા.......................................141
50. ગુજરાતી પત્રકારત્વના વ્યાસ; શ્રી કુન્દન વ્યાસ... ......................144
51. ગણપતભાઈને પદ્મશ્રી.........................................................147
52. ગુજરાતી ગઝલનું એક વધુ સરનામું; પારસ પટેલ... .................150